## થોડાક અપભ્રંશ પરંપરાના ભાષાપ્રયોગો

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના આરંભ કાળની ઈ. સ. ૧૧૮૫ માં રચાયેલી કૃતિ શાલિભદ્રસૂરિકૃત 'ભરતેશ્વર–બાહુબલિ–રાસ'ના ભાષાપ્રયોગો તપાસતાં એમાં અપભ્રંશનો પ્રભાવ વિપુલ માત્રામાં દૃષ્ટિગોચર થાય છે. વ્યાકરણગત અને શબ્દ-ગત બે-ચાર ઉદાહરણો અત્રે પ્રસ્તુત કરવાનો ઉપક્રમ છે.

ડૉ. હરિવલ્લભ ભાયાણી સંપાદિત 'સિદ્ધહેમગત અપભ્રંશ વ્યાકરણ' (ઈ.સ. ૧૯૬૦) અનુસાર સંબંધક ભૂતકૃદંત માટેના પ્રત્યયો વિવ, વિ, વિણુ વગેરે વ્યંજનથી શરૂ થતા પ્રત્યયો પૂર્વે સંયોજક સ્વર इ, ए કે अ (પૃષ્ઠ ૩૯)ની નોંધ છે. એ મુજબ 'ભરતેશ્વર બાહુબલિ-રાસ'ની નીચે આપેલી આરંભની કડીમાં જ એનાં દર્શન થાય છે.

'રિસહ–જિણેસર–પય પણમેવી, સરસતિ–સામિણિ મણિ સમરેવી
નમવિ નિરંતર ગુરુ–ચલણિ' (૧).

અપભ્રંશનું ભવિષ્યકાળનું 'इसु' પ્રત્યયવાળું પ્રમું એક વ.નું રૂપ પણ પંદરમી કડીમાં જોવા મળે છે :

'પહિલુ તાય–પાય પણમેસો, રાજ-સિદ્ધિ રાણિમ–ફલ લેસો
ચક્ક–રયણ તવ અણુસરઉ. (૧૫)

આ 'પ્રણામ કરીશ,' મેળવીશ, એવા અર્થના અપભ્રંશનાં ભવિષ્યકાળનાં રૂપોનું અહીં દર્શન થાય છે.

(અંત્ય વર્ણમાં इ ને બદલે ए તથા उ ને બદલે ओ છંદ જાળવવા કરાયો છે.)

વિભક્તિરૂપોની જેમ શબ્દપ્રયોગોમાં પણ અપભ્રંશના અનુવર્તનના બે ઉદાહરણો નોંધીએ.

'ભરતેશ્વર–બાહુબલિરાસ'ની ૮૪ મી કડીની બીજી પંક્તિના પૂર્વાર્ધમાં મળતી 'એક સીહ અનઇ પાખરીઉ' ('એક તો સિંહ અને વળી બખ્તરિયો') એવી કહેવત 'સીહો અન્નય પખ્ખરિઓ' સુમતિસૂરિકૃત અપભ્રંશકૃતિ 'જિનદત્તાખ્યાન'માં પણ મળે છે. (સિંધી સિરીઝ ક્રમાંક ૨૦, ઈ. સ. ૧૯૫૩, સંપાદક અમૃતલાલ ભોજક; પૃષ્ઠ ૨૮, ગાથા ૨૫૦).

૧૭૯મી કડીની પ્રથમ પંક્તિના ઉત્તરાર્ધમાં મળતો બીજો એક શબ્દપ્રયોગ 'સૂનાસના તુરંગમ તુલઇ' અર્થાત્ અસવાર વગરના, ખાલી આસન (જીન)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાળા ઘોડાઓ રખડે છે તેમાંયે અપભ્રંશ કાવ્યોમાં મળતી યુદ્ધવર્ણનની પરંપરા સચવાઈ છે. 'પઉમચરિઉ'માં આ શબ્દપ્રયોગ બે સ્થળે

૧. 'કેત્તિઉ ચવહુ વયણુ સુણ્ણાસણુ' (૪૨, ૧૨, ૮)
(તમે અર્થશૂન્ય ફોગટ વચન કેટલાં બોલશો).

૨. ખિત્ત તહિં સુણ્ણાસણુ ભીસણુ રણ્ણુ જહિં (૬૮, ૧૧, ૨)
( જ્યાં ભીષણ સૂનું અરણ્ય હતું ત્યાં તેને ફેંકી. )
[ 'અનુસંધાન', પૃષ્ઠ ૯૬]

અપભ્રંશના આવા બંને પ્રકારના પ્રયોગો 'ભરતેશ્વર બાહુબલિરાસ'માં સચવાયેલ છે. એ દૃષ્ટિએ સમગ્ર કૃતિ સ્વતંત્ર અભ્યાસનો વિષય બની શકે તેમ છે.

**બળવંત જાની**

*

**પૂર્તિ** : અપભ્રંશ સાહિત્યમાં सुण्णासणનો પ્રયોગ બે અર્થમાં થયેલો છે.

૧. યુદ્ધવર્ણનમાં, મહાવત, સવાર કે સારથિના વધને લીધે સૂની કે ખાલી પડેલી બેઠકવાળા (ગજ, અશ્વ કે રથનું વિશેષણ).

(૧) कत्थइ रह–तुरय–गयासणइं हिंडंति समरे सुण्णासणइं । 'કેટલેક સ્થળે રથ, અશ્વ અને ગજ રણભૂમિમાં સૂની બેઠકવાળાં થઈને ભમતા હતા' (નવમી શતાબ્દીમાં સ્વયંભૂદેવરચિત અપભ્રંશ મહાકાવ્ય 'પઉમચરિય', સં. ૪૩, કડ. ૧, પંક્તિ ૮).

(૨) अण्णोण्ण–दंसणारुट्ठ–निद्दविय–मिंठ–सुण्णासण–मिलंत–मत्त–मायंग । 'જેમાં પરસ્પરને જોઈને રોષે ભરાઈને મહાવતને મારી નાખતાં જેમની અંબાડીઓ સૂની થઈ ગઈ છે તેવા મત્ત ગજો ભીડી રહ્યા છે.'

(ઈ. સ. ૧૦૧૯માં (વીરકવિરચિત અપભ્રંશ કાવ્ય 'જંબૂસામિ-ચરિય', પૃ. ૧૩૬, સંધિ ૭, કડવક ૬, પંક્તિ ૨–૩).

૨. सुण्णासण 'સૂનું' ( અર્થશૂન્ય, જનશૂન્ય ). ઉપર ડૉ. જાનીએ નોંધેલા બે પ્રયોગો.

**હ. ભાયાણી**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org